ખેડા જિલ્લાના પરીએજ વેટલેન્ડ ખાતે 'સારસ મહોત્સવ'ની ઉજવણી: રામસર સાઈટનો દરજ્જો અપાવવા તંત્ર સજ્જ

ખેડાના પરીએજ ખાતે વિશ્વ વેટલેન્ડ્સ ડે નિમિત્તે ચોથો સારસ મહોત્સવ યોજાયો હતો. જેમાં પરીએજને આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી 'રામસર સાઈટ' તરીકે જાહેર કરવાના પ્રયાસો તેજ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. વન વિભાગ અને યુપીએલના સંયુક્ત પ્રયાસોથી ગુજરાતમાં સારસની સંખ્યા 500થી વધીને 1477 પર પહોંચી છે. આ પ્રસંગે 40 ગામોના સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો અને શ્રેષ્ઠ કામગીરી કરનાર ગ્રામજનોને 'ફ્રેન્ડ્સ ઓફ નેચર' ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સમુદાયના સહયોગથી બાયોડાયવર્સિટીનું જતન કરવાનો છે.

'મેડમ'ના ત્રાસનો સુસાઈડ નોટમાં ઉલ્લેખ : પિતાએ LC આપી દેવાની ધમકીનો આરોપ લગાવ્યો

નડિયાદની દિનશા પટેલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

શિક્ષિકાના માનસિક ત્રાસના આક્ષેપો સાથે હાઈલેવલ તપાસ સમિતિની રચના

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડિયાદના મંજીપુરા વિસ્તારમાં રહેતા અને દિનશા પટેલ નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા જય પાટીલ નામના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા શૈક્ષણિક આલમમાં ખળભળાટ મચી ગયો છે. મૃતક વિદ્યાર્થીની સુસાઈડ નોટમાં કોઈ 'મેડમ'નો ઉલ્લેખ હોવાનું બહાર આવતા સમગ્ર મામલો ગરમાયો છે અને કોલેજ પ્રશાસને તાત્કાલિક અસરથી હાઈલેવલ તપાસ સમિતિની રચના કરી છે.

નડિયાદની દિનશા પટેલ નર્સિંગ કોલેજમાં ઓક્ટોબર 2025માં પ્રવેશ લેનાર જય પાટીલ અભ્યાસમાં નિયમિત હતો, પરંતુ પ્રોફેસરોની કડક વર્તણૂકને કારણે તે માનસિક તણાવમાં હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ખાસ કરીને એક ક્લાસમાં ફરજ બજાવતા ત્રણ મહિલા પ્રોફેસરોના નિવેદનો હાલ નોંધવામાં આવ્યા છે, જેથી એ સ્પષ્ટ થઈ શકે કે તેમનું વલણ માત્ર શિસ્ત લાવવા પૂરતું હતું કે પછી તે માનસિક ત્રાસની હદે પહોંચ્યું હતું. જય અંતિમ પગલું

ભરતા પહેલા બે દિવસથી કોલેજમાં ગેરહાજર રહ્યો હતો, જે અંગે તેના પિતાએ એલર્જીનું કારણ જણાવ્યું હતું, પરંતુ હવે પોલીસ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે શું તે શિક્ષકોના ડરથી ક્લાસમાં આવતો અટક્યો હતો?

પોલીસે હાલમાં સુસાઈડ નોટ કબજે કરી છે અને વિદ્યાર્થીના મોબાઈલ રેકોર્ડ્સ તેમજ કોલેજ સ્ટાફની પૂછપરછ હાથ ધરી છે., આ ઘટનાએ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને શિક્ષકોના વલણ સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

એલસી આપી દેવાની ધમકી આપી હતી : પિતા

વિદ્યાર્થીના પિતા વિજય પાટીલે આક્ષેપ કર્યો છે કે થોડા દિવસ અગાઉ કોલેજ સત્તાધીશોએ તેમને બોલાવી જયના વર્તનમાં સુધારો ન જણાય તો લિવિંગ સર્ટિફિકેટ (LC) આપી દેવાની ધમકી આપી હતી. શિક્ષકો દ્વારા તેને માનસિક રીતે એકલો પાડી દેવાતા તે છેલ્લા ત્રણ દિવસથી ભારે ડિપ્રેશનમાં હતો.

જયે માફીપત્ર આપ્યા હતા : ડીન

આ અંગે કોલેજના ડીન ડો. વિરેન્દ્ર જૈન મુજબ, જયે અગાઉ ત્રણવાર વિવિધ ગેરરીતિઓ બદલ લેખિતમાં માફીપત્ર આપ્યા હતા. શિક્ષકોનું વર્તન સુધારાત્મક હતું કે માનસિક ત્રાસજનક, તે તપાસ સમિતિના રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આપઘાત કેસમાં તપાસનો દાયરો

- સુસાઈડ નોટ અને મોબાઈલ રેકોર્ડ્સના આધારે તપાસ તેજ કરી છે.
- કેમ્પસમાં પ્રોફેસરોના કડક વલણ અંગે વિદ્યાર્થીઓમાં ગણગણાટ.
- શિસ્તના નામે અપાતા માનસિક દબાણની આશંકા.

નડિયાદ મનપાના વિભાગોની ના.કમિશનર વચ્ચે નવી વહેંચણી

આનંદ ઉકાણી વહીવટી શાખા અને રૂદ્રેશ હુદળ પ્રોજેક્ટ્સ સહિતની મહત્વની 18-18 શાખાની જવાબદારી સંભાળશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડિયાદ મહાનગરપાલિકામાં વહીવટી કાર્યક્ષમતા અને સરળતા લાવવા માટે મ્યુનિસિપલ કમિશનર જી.એચ. સોલંકી દ્વારા નાયબ મ્યુનિસિપલ કમિશનરો વચ્ચે વિભાગોની પુનઃ ફાળવણી કરવામાં આવી છે. મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ કામગીરીની સમીક્ષા કરીને આ ફેરફારો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યા છે.

આ નવા આદેશ મુજબ,

નાયબ મ્યુનિસિપલ કમિશનર આનંદ ઉકાણીને વહીવટી શાખાની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ રજિસ્ટ્રી, મહેકમ, સેક્રેટરિયેટ, વિજિલન્સ, હિસાબી અને ઓડીટ, કાયદા, એસ્ટેટ અને ટાઉન પ્લાનીંગ જેવી મહત્વની ૧૮ શાખાઓનું સંચાલન કરશે. આ ઉપરાંત, ટેક્સ શાખા, સીટી સિવિક સેન્ટર્સ અને હવેથી વહીવટી શાખા હેઠળ મુકાયેલ સ્ટોર શાખાનો કાર્યભાર પણ તેઓ સંભાળશે.

બીજી તરફ, નાયબ મ્યુનિસિપલ કમિશનર રૂદ્રેશ હુદળને પ્રોજેક્ટ શાખા હેઠળ JNNURM, AMRUT, ઈલેક્ટ્રીકલ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, વોટર વર્કસ, ડ્રેનેજ અને સેનિટેશન જેવી પાયાની સુવિધાઓની ૧૮ શાખાઓ સોંપાઈ છે. તેઓ આરોગ્ય, જન્મ-મરણ, રખડતા ઢોર અંકુશ અને સ્મશાન મેનેજમેન્ટ જેવી કામગીરી પણ જોશે.

ઉલ્લેખનીય છે કે, મેલેરિયા શાખાએ હવે આરોગ્ય શાખા હસ્તક કામગીરી કરવાની રહેશે અને નગરપાલિકા સમયના બાકી રહેલા તપાસના પ્રકરણો પૂર્ણ કરવાની જવાબદારી પણ રૂદ્રેશ હુદળને સોંપવામાં આવી છે. આ બંને અધિકારીઓએ તેમની હાલની ઝોનલ કામગીરીની સાથે આ નવા ફાળવેલા વિભાગોનો કાર્યભાર તત્કાલ પ્રભાવથી સંભાળવાનો રહેશે.

ખાખસરમાં સોલાર પ્લાન્ટમાં તસ્કરો ત્રાટક્યા

તારાપુરમાં 1.17 લાખના કોપર વાયરની ચોરી થઈ

તસ્કરો 1500 મીટર કેબલ કાપીને પલાયન, પોલીસે CCTV ફૂટેજ મેળવી તપાસ તેજ કરી

(પ્રતિનિધિ) તારાપુર તા.2

તારાપુર તાલુકાના ખાખસર ગામે આવેલા સ્મશાન નજીકના એક સોલાર પ્લાન્ટમાં તસ્કરોએ ત્રાટકીને અંદાજે 1.17 લાખની કિંમતના કોપર કેબલોની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. ગત 12મી તારીખની રાત્રિએ બનેલી આ ઘટના અંગે તારાપુર પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

વિદ્યાનગર જીઆઈડીસીમાં કાર્યરત 'યુનિક ફોરજીંગ ઈન્ડીયા પ્રાઈવેટ લિમિટેડ' કંપની દ્વારા ખાખસર ગામના સ્મશાન પાસે સોલાર પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. આ પ્લાન્ટમાં કુલ 16 ઈન્વર્ટર લગાવેલા છે, જે પૈકીના બે ચાલુ અને એક બંધ ઈન્વર્ટરના આશરે 1500 મીટર જેટલા કોપરના કેબલો તસ્કરો કાપીને લઈ ગયા હતા.

આ ચોરીની ઘટનાની જાણ થતા જ કંપનીના પ્રતિનિધિ જૈમીનકુમાર ગોરે તારાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચોરીનો ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજની મદદથી તસ્કરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ તારાપુર પંથકમાં મધ્ય ગુજરાત વીજ કંપનીના વાયરની ચોરી થયાના કિસ્સા પોલીસ ચોપડે ચડ્યા છે. આ પંથકમાં વાયર ચોરી સામાન્ય બાબત બની ગઈ છે.

બોરસદની દાવોલ દૂધ મંડળીમાં કોંગ્રેસ સમર્થિત પેનલે 45 વર્ષે સત્તા ગુમાવી

(પ્રતિનિધિ) બોરસદ તા.2

બોરસદ તાલુકાના દાવોલ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ચૂંટણીમાં 16 બેઠકો માટે કોંગ્રેસ સમર્થિત 'પ્રગતિ પેનલ' અને ભાજપ સમર્થિત 'વિકાસ પેનલ' વચ્ચે સીધી ટક્કર જોવા મળી હતી. જોકે એક બેઠક પર સમર્થિત પેનલના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા હતા. પરંતુ અન્ય 15 બેઠક માટે છેલ્લા પંદરેક દિવસોથી દાવોલમા રાજકીય માહોલ ગરમાયો હતો અને ચૂંટણીને લઈ દૂધ મંડળીના સભાસદો, ગ્રામજનોમાં તેમજ સ્થાનિક રાજકીય આગેવાનોમા ભારે ઉત્સુકતા રહી હતી.

દાવોલ દૂધ મંડળીમાં રવિવારે સવારે મતદાનની પ્રક્રિયા શરૂ થઈ હતી. જે 4 વાગ્યા સુધી ચાલું

રહી હતી. મતદાન બેલેટ પેપરથી યોજાયું હોવાથી ગણતરી લાંબી ચાલતા આખરી પરિણામો મોડી રાત્રે જાહેર થયા હતા.

મતગણતરી પૂર્ણ થતાં ભાજપ સમર્થિત 'વિકાસ પેનલ'ના તમામ 15 ઉમેદવારો ભવ્ય વિજય સાથે વિજયી જાહેર થયા હતા. પરિણામ જાહેર થતાં જ વિકાસ પેનલના સમર્થકોમાં ખુશીનો માહોલ છવાયો છે. દાવોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ચૂંટણીમાં ગામના આગેવાન રોનકસિંહ ગોહેલના નેતૃત્વમાં વિકાસ પેનલનો વિજય થયો હતો. ગામમાં ડીજે સાઉન્ડ સિસ્ટમ, ભવ્ય આતશબાજી અને ગુલાલ ઉડાવી વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. સમર્થકોએ એકબીજાને મીઠાઈ ખવડાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

દૂધ મંડળીના વિજેતા બનેલા ઉમેદવાર

જશભાઇ રમણભાઇ જાદવ
ડાહ્યાભાઇ ફુલાભાઇ જાદવ
દિનેશભાઈ હરમનભાઈ ગોહેલ
પ્રવિણભાઇ રમણભાઇ પટેલ
ભાઇલાલ રાવજીભાઇ ગોહેલ
મુકેશભાઈ મણીભાઈ રાઠોડ
રમેશભાઈ ગબાભાઈ ગોહેલ
વિક્રમ ભાઇલાલભાઇ ચાવડા
સનાભાઈ રાવજીભાઈ ગોહેલ
સુરેશભાઈ ડાહ્યાભાઈ ગોહેલ
અરવિંદ અંબાલાલભાઈ ગોહેલ
અલ્પેશભાઇ વલ્લભભાઈ ગોહેલ
અશોક પ્રભાતભાઇ પઢિયાર
રેવાબેન વજેસિંહ ગોહેલ
સવિતાબેન ચાવડા

કાસોરમાં બે મકાનમાંથી 3.44 લાખની મત્તા ચોરાઈ

પરિવારજનો અંબાજી દર્શને ગયાને પાછળથી ઘરમાં ખાતર પડ્યું

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.2

આણંદ તાલુકાના ભાલેજ નજીક આવેલા કાસોર ગામે તસ્કરોએ કાળા કેર વર્તાવ્યો છે. ગામના બે પાડોશી પરિવારો અંબાજી દર્શન કરવા ગયા હોવાનો લાભ ઉઠાવી, તસ્કરોએ તેમના બંધ મકાનોના તાળા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત કુલ રૂ. 3.44 લાખની ચોરી કરી પલાયન થઈ ગયા છે.

આણંદના કાસોર ગામના ગામી ફળિયામાં રહેતા શ્રીકાંતકુમાર ઉર્ફે સીકો પટેલ અને તેમના પાડોશી મીનાબેન પટેલ ગત 29મી તારીખે અંબાજી દર્શન કરવા ગયા હતા. આ દરમિયાન ગત 30મીની રાત્રે તસ્કરોએ આ બંને બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા. તસ્કરોએ ઘરના તાળા-નકુચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને તિજોરીઓનો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં શ્રીકાંતકુમારના ઘરેથી 70 તોલા ચાંદીના દાગીના, સોનાની માળા, 15 હજાર રોકડા અને 10 પાઉન્ડ મળી કુલ રૂ.3.21 લાખની મત્તા ચોરાઈ હતી. જ્યારે મીનાબેનના ઘરમાંથી ચાંદીના 26 મોટા સિક્કા અને પાંચ હજાર રોકડાની ચોરી થઈ હતી. આ ચોરીની જાણ પાડોશીએ કરતા પરિવારો અંબાજીથી પરત ફર્યા હતા. આ ઘટના અંગે ભાલેજ પોલીસે ગુનો દાખલ કર્યો છે. પોલીસ દ્વારા તસ્કરોનું પગેરું મેળવવા માટે ડોગ સ્ક્વોર્ડ, એફએસએલ (FSL) અને સીસીટીવી ફૂટેજની મદદ લેવામાં આવી રહી છે.

મહુધામાં તળપદા સમાજ દ્વારા કુરિવાજો દૂર કરવા ક્રાંતિકારી નિર્ણયો લેવાયા

લગ્ન-મરણના પ્રસંગોમાં ખોટા ખર્ચ પર કાપ અને જાનમાં ડીજે પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

ચરોતરના સમસ્ત 22-42 તળપદા સમાજ દ્વારા સમાજમાં વ્યાપેલા મોંઘા અને બિનજરૂરી રિવાજો દૂર કરી સામાજિક સુધારાના નવા યુગનો પ્રારંભ કરવા માટે મહુધા ખાતે એક વિશાળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જોગણી માતાજીના મંદિર સ્થિત નગીનાવાડી ખાતે યોજાયેલા આ ઐતિહાસિક કાર્યક્રમમાં 242થી વધુ ગામોના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ સંમેલનનો મુખ્ય આશય આર્થિક રીતે પછાત વર્ગને બેઠા કરવાનો અને લગ્ન, જન્મ તથા મરણ જેવા પ્રસંગોએ થતા ખોટા ખર્ચાઓ પર કાપ મૂકવાનો છે.

ચરોતરના સમસ્ત 22-42 તળપદા સમાજ દ્વારા લેવાયેલા નિર્ણયો મુજબ, લગ્નમાં દાગીનાની મર્યાદા નક્કી કરવામાં આવી છે, જેમાં 50

ગ્રામનું મંગળસૂત્ર અને 100 ગ્રામના ચાંદીના છડા મળી કુલ 150 ગ્રામની મર્યાદા રહેશે. સગાઈ કે અન્ય પ્રસંગોએ અપાતી માટલીઓ અને સાડીઓની પહેરામણી પણ બંધ કરવામાં આવી છે. આ ઉપરાંત, વર પક્ષ તરફથી જાનમાં ડી.જે. લઈ જવા પર સદંતર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે,. જો કન્યા પક્ષ પાસે વાજિત્રની વ્યવસ્થા ન હોય તો સાદાઈથી લગ્ન વિધિ આટોપવાની રહેશે.

આ ઉપરાંત બાળકના જન્મ સમયે કરાતી ઓઢામણી કે બાધામાં માત્ર મામા પક્ષ સિવાયના તમામ પક્ષોની ઓઢામણી બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. મરણ પ્રસંગે વહેંચવામાં આવતા વાસણો, સાડીઓનો વ્યવહાર અને સગાઓ દ્વારા લાવવામાં આવતા ફળ-ફળાદીની પ્રથા પણ સદંતર બંધ કરવામાં આવી છે.

નિયમ ભંગ બદલ દંડ અને યુવા ઉત્થાન

આ ક્રાંતિકારી નિર્ણયોનું ઉલ્લંઘન કરનાર સામે રૂ. 2,51,000 સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. સંમેલનમાં સમાજના અગ્રણીઓએ યુવાનોને સોશિયલ મીડિયાના દુરુપયોગથી દૂર રહી શિક્ષણ અને વિચરતી વિમુક્ત જાતિ નિગમની યોજનાઓનો લાભ લેવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમના અંતે હાજર જનમેદનીએ આ નવા નિયમોના પાલન માટે શપથ લીધા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225